RIGHT TO INFORMATION

સુરત મહાનગર પાલિકા

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં. ૫૩૫ તા.૩૦–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરીની તા. ૨૯–૧૧–૧૧ની અરજીથી તા.૨૫–૧૦–૧૧ ના રોજ કોર્પોરેટર અસદ ઉલ્લાખાન જી. કલ્યાણી ધ્વારા કમિ. સાહેબને એક ફરીયાદ કરવામાં આવેલ હતી આ ફરીયાદના સંદર્ભમાં કમિ.શ્રી સાહેબ તરફથી કરવામાં આવેલ કાર્યવાહી અને પગલાઓની વિગતવાર માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૩૫/૨૦૧૧–૧૨

શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરીની તા. ૨૯–૧૧–૧૧ની અરજીથી તા.૨૫–૧૦–૧૧ ના રોજ કોર્પોરેટર અસદ ઉલ્લાખાન જી. કલ્યાણી ધ્વારા કમિ. સાહેબને એક ફરીયાદ કરવામાં આવેલ હતી આ ફરીયાદના સંદર્ભમાં કમિ.શ્રી સાહેબ તરફથી કરવામાં આવેલ કાર્યવાહી અને પગલાઓની વિગતવાર માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ રજૂ કરવા તેમજ** વધુમાં રજુઆત અનુસારની કોઈ બાબત–ફરીયાદ છે કે કેમ ? જો હોય તો તે અંગે થયેલ નહીં થયેલ કાર્યવાહીની વિગત પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૭૪ તા.૧૩–૧–૧૨ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો જણાવેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. પરંતુ અરજદારની મુળ અરજીની વિગતો માટે સેન્ટ્રલઝોનમાં ટેલીફોનીક સંપર્ક કરી મુળ અરજીની નકલ મંગાવવામાં આવેલ. અરજદારે પણ કોર્પોરેટરે કરેલ ફરીયાદ બાબતેની કોઈ નકલ અત્રે રજૂ કરેલ નથી તેમજ અપીલ તબકકે પત્ર પાઠવવા છતાં કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨૯–૧૧–૧૧ ની અરજીથી તા.૨૫–૧૦–૧૧ ના રોજ કોર્પોરેટર અસદ ઉલ્લાખાન જી. કલ્યાણી ધ્વારા કમિ. સાહેબને એક ફરીયાદ કરવામાં આવેલ હતી આ ફરીયાદના સંદર્ભમાં કમિ.શ્રી સાહેબ તરફથી કરવામાં આવેલ કાર્યવાહી અને પગલાઓની વિગતવાર માહિતી માંગવામાં આવેલ. જેમાં અરજદારે ગેરકાયદેસર રીતે ચાલી રહેલ કેમીકલનું વેચાણ અને ખોટી રીતે મેળવાયેલ ગુમાસ્તા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ કેમ રદ નથી કરાયું તેવી રજૂઆત કરેલ છે. જેમાં અપીલ તબકકે પણ અરજદારને ફરીયાદ અરજી બાબતે શું કાર્યવાહી કરી અને કયા પગલા લેવાયા તેમજ ભાડા કરાર મિલ્કતવેરામાં ભાડુતના નામની ચકાસણી, મકાન માલિકની પરવાનગી ખરીદ વેચાણ બીલ તેમજ સ્થળ તપાસ કર્યા વિના ગુમાસ્તા લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ હોવાનું કોર્પોરેટરે રજૂઆત કરેલ હોય તેવું અરજદારે જણાવેલ. વધુમાં અરજદારે દુકાન કેમ નથી બંધ કરાવાઈ તેવી રજુઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે કોઈ પૂરક વિગતો મળેલ નથી તેમજ માહિતી પૂરી પડાયાનું જણાતું નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. વધુમાં અરજદારની રજૂઆત અનુસારની કોઈ બાબત કે ફરીયાદ છે કે કેમ? અને જો હોય તો તે અંગે થયેલ, નહીં થયેલ કાર્યવાહીની વિગતો અરજદારને પૂરી પાડવાની રહે. અથવા તો આવી કોઈ ફરીયાદ બાબતેની દફતરી માહિતી હોય તો તેમને અવગત કરાવવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૯–૧૧–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી બાબતે અરજદારની રજૂઆત અનુસારની કોઈ બાબત કે ફરીયાદ હોય તો તે અંગે થયેલ, ન થયેલ કાર્યવાહી અંગેની દફતરી માહિતી અને તેવી બાબત કે ફરીયાદ ન હોય તો તે અંગેની હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :  –૩–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી નેહા ચંદ્રકાંત સીંગાપુરી,